Seat No. : _______________

# MN-114

**July-2021**

**B.Com., Sem.-I**

**CC-103 : Accountancy – I**

**Time : 2 Hours]** **[Max. Marks : 50**

geniusguruji.in

સૂચનાઓ : (1) પ્રશ્નપત્રમાં 2 વિભાગ છે. વિભાગ–I (40 માર્ક) અને વિભાગ–II (10 માર્ક)

(2) વિભાગ–I માંથી કોઈપણ 2 પ્રશ્નો લખો. વિભાગ–II ફરજિયાત છે.

(3) વિભાગ–II (બહુવિકલ્પીય પ્રશ્નો) નો સિરિયલ ઓર્ડર બદલવો નહીં.

(4) બધી જ ગણતરી જવાબનો ભાગ હોઈ જરૂર હોય તે ગણતરીઓ દર્શાવી.

## વિભાગ–I

1. વિરમગામના વાઈરસ કોર્પોરેશન એ બોટાદની બેક્ટેરિયા કંપનીને તારીખ 01/01/2019ના રોજ 100 ખુરશી, પ્રતિ એકમ ₹ 21,000 ની ભરતિયા કિંમતે આડતથી વેચવા મોકલી. ભરતિયા કિંમત, પડતર કિંમત ઉપર 50% નફો ચઢાવીને આંકવામાં આવી છે. માલ મોકલતી વખતે વાઈરસ કોર્પોરેશન એ ₹ 10,000 નૂર અને જકાત પેટે ચૂકવ્યા. તારીખ 01/02/2019 ના રોજ તેણે ₹ 8,00,000 ની 5 માસની હૂંડી બેક્ટેરિયા કંપનીને લખી જે તેને સ્વીકારીને પરત કરી. તારીખ 04/05/2019 ના આ હૂંડી બેંકમાં વાર્ષિક 15%ના દરે વટાવી. વાઈરસ કોર્પોરેશન 6% સામાન્ય આડત, 4% આસામી આડત બેક્ટેરિયા કંપનીને ચૂકવે છે. એવું જાણ થયું કે, 5 ખુરશી રસ્તામાં નાશ પામી હતી અને વીમા કંપનીએ કુલ નુકશાનની 80% રકમ દાવા પેટે મંજૂર કરી હતી.

તારીખ 31/12/2019ના રોજ બેક્ટેરિયા કંપનીએ બાકીની રકમ માટે બેંક ડ્રાફ્ટ અને વેચાણ વિગત મોકલી આપ્યા જે નીચે પ્રમાણે છે : 20

- ➢ તેણે ₹ 14,000 જકાત, ₹ 4,000 જાહેરાત ખર્ચ, ₹ 5,000 ગાડા ભાડું પેટે ચૂકવ્યા.
- ➢ તેણે 17 ખુરશી Mr. Medicine ને પ્રતિ એકમ ₹ 20,000 એ વેચી.
- ➢ 14 ખુરશી Ms. માધવીને ભરતિયા કિંમત પર ઉધારે વેચી.
- ➢ આડતિયાએ 13 ખુરશી ₹ 22,000 પ્રતિ એકમની કિંમતે અંગત ઉપયોગ માટે રાખી હતી.
- ➢ 30 ખુરશી માલધણીની ભલામણથી Mr. હર્ષિલને ₹ 25,000 પ્રતિ એકમની કિંમતે વેચી.
- ➢ માધવી અને હર્ષિલ બંને નાદાર જાહેર થતાં, લેણી રકમના 60% વસૂલ કરાયા.

વાઈરસ કોર્પોરેશનના ચોપડે જરૂરી ખાતા બનાવો.

અથવા

નીચેના પ્રશ્નોમાંથી કોઈપણ 2 ના જવાબ આપો :

(1) આખર સ્ટોકના મૂલ્યાંકનના સંદર્ભમાં સામાન્ય નુકશાન અને અસામાન્ય નુકશાન સમજાવો.

(2) આસામી આડત એટલે શું ? જ્યારે ઘાલખાધ થાય ત્યારે માલધણીના ચોપડે એની અસર દર્શાવો.

(3) આવર્તક અને બિનઆવર્તક ખર્ચ એટલે શું ? અસામાન્ય નુકશાન અને આખર સ્ટોકના મૂલ્યાંકનમાં એની અસર દર્શાવો.

2. કાંતિલાલ જે સ્વતંત્ર શાખા ચલાવે છે એની તારીખ 31/03/2019ના રોજનું કાચું સરવૈયું નીચે મુજબ છે : **20**

**કાચું સરવૈયું**

| વિગત | રકમ (₹) ઉધાર | રકમ (₹) જમા |
|---|---|---|
| સ્ટોક(01/04/2018) | 31,250 | – |
| પરચૂરણ આવક | – | 21,250 |
| ખરીદી અને વેચાણ | 1,25,000 | 2,50,000 |
| પરત (ખરીદી અને વેચાણ) | 6,250 | 12,500 |
| મુખ્ય ઓફિસ ખાતેથી મળેલ માલ | 93,750 | – |
| લેણદારો અને દેવાદારો | 37,500 | 25,000 |
| મુખ્ય ઓફિસનું ખાતું | – | 62,500 |
| રોકડ સિલક | 31,250 | – |
| પગાર | 35,000 | – |
| ભાડું | 6,250 | – |
| નૂર | 3,750 | – |
| વટાવ | 5,000 | 3,750 |
| કુલ | **3,75,000** | **3,75,000** |

માહિતી :

(1) તા. 29/03/2019ના રોજ શાખાએ ₹ 6,250 રોકડ મુખ્ય ઓફિસને મોકલી હતી જે તા. 02/04/2019ના રોજ મુખ્ય ઓફિસને મળી હતી.

(2) આખર સ્ટોકની કિંમત ₹ 62,500 છે.

(3) શાખાનું ફર્નિચરનું ખાતું મુખ્ય ઓફિસના ચોપડે રાખવામાં આવે છે અને ₹ 2,500 શાખાના ફર્નિચરના ઘસારા પેટે માંડી વાળવાનો છે.

(4) મુખ્ય ઓફિસ એ ₹ 12,500 નો માલ તા. 28/03/2019 ના રોજ શાખાને મોકલ્યો, જે શાખાને તા. 03/04/2019 ના રોજ મળ્યો.

આપેલી માહિતી ઉપરથી શાખાના વાર્ષિક હિસાબો તૈયાર કરો.

**અથવા**

નીચેનાં પ્રશ્નોમાંથી કોઈપણ 2 ના જવાબ આપો :

(1) પરતંત્ર શાખાના હિસાબ લખવાની કોઈપણ એક પદ્ધતિ સમજાવો.

(2) શાખા, રાશના હિસાબો અને દલાલો વચ્ચેના તફાવતના 5 મુદ્દાઓ લખો.

(3) માર્ગસ્થ માલ અને માર્ગસ્થ રોકડ સમજાવો.



geniusguruji.in

3. કાનૂપ્રિયા અને એન્જેલિકા સંયુક્ત સાહસ કર્યું, જેની વિગતો નીચે મુજબ છે : **20**

➢ તેઓએ ₹ 4,50,000 અને ₹ 1,50,000 અનુક્રમે સંયુક્ત સાહસના બેંક ખાતે જમા કર્યા અને તેઓ નફા-નુકશાન અનુક્રમે 3 : 1 ના પ્રમાણમાં વહેંચે છે.

➢ સંયુક્ત સાહસના બધા જ ખર્ચા જે તે ભાગીદાર પોતાના વ્યક્તિગત ખાતેથી ચૂકવશે અને બધી જ ખરીદ અને વેચાણ સંયુક્ત ખાતે નોંધવી.

➢ ભાગીદારે કરેલ વેચાણ ઉપર કમિશનનો દર 5% છે.

**ખરીદ અને વેચાણ :**

➢ કાનૂપ્રિયા ₹ 3,60,000 ના માલની ખરીદી કરી, જે પૈકી ₹ 2,70,000 નો માલ ₹ 4,44,000 માં વેચ્યો.

➢ એન્જેલિકા ₹ 1,20,000 ના માલની ખરીદી કરી, જે પૈકી ₹ 90,000 નો માલ ₹ 1,80,000 માં વેચ્યો.

➢ કાનૂપ્રિયા અને એન્જેલિકાનો ખર્ચ ₹ 34,800 અને ₹ 6,000 અનુક્રમે છે.

➢ ₹ 90,000 અને ₹ 30,000 નો માલ કાનૂપ્રિયા અને એન્જેલિકાએ અનુક્રમે પોતે રાખ્યો.

રાશ ખાતું, સંયુક્ત બેંક ખાતું અને ભાગીદારોના ખાતા બનાવો.

**અથવા**

નીચેના પ્રશ્નોમાંથી કોઈપણ 2 ના જવાબ આપો :

(1) રાશ અને આડતમાલ વિશે ટૂંકનોંધ લખો.

(2) કાચું રાશ ખાતું એટલે શું ? સમજાવો.

(3) સંયુક્ત સાહસમાં જ્યારે બંને ભાગીદારો અલગ હિસાબી ચોપડા બનાવે ત્યારે હિસાબી પદ્ધતિ વિશે લખો.

4. હિસાબોમાં કમ્પ્યૂટરની ઉપયોગિતાને ધ્યાનમાં રાખીને સમજાવો. **20**

(A) હિસાબી માહિતી પદ્ધતિ અને સંચાલકીય માહિતી પદ્ધતિ

(B) Tally Software Version 9.2, ફાયદા અને મર્યાદા

**અથવા**

નીચેના પ્રશ્નોમાંથી કોઈપણ 2 ના જવાબ આપો :

(1) Tally માં ખરીદી અને વેચાણના વ્યવહારોની નોંધ

(2) મૂળ સ્થાનેથી કર કપાત

(3) ગૂડ્સ અને સર્વિસ ટેક્સ (GST)

## વિભાગ – II

5. બહુવિકલ્પીય પ્રશ્નો : (12 માંથી ગમે તે 5) **(5 × 2 = 10)**

(1) મુખ્ય ઓફિસનું પાકું સરવૈયું માર્ગસ્થ માલને ________ તરીકે દર્શાવે છે.

(A) મિલકત (B) મૂડી દેવાં

(C) સ્ટૉક બાદ (D) ઉપરમાંથી એકપણ નહીં

(2) સ્વતંત્ર શાખા માટે મુખ્ય ઓફિસ ________ છે.

(A) રોકાણ (B) વ્યાપારી લેણદાર

(C) વ્યાપારી દેવાદાર (D) ઉપરમાંથી એકપણ નહીં

geniusguruji.in

(3) શાખાએ ચૂકવેલ પરચૂરણ ખર્ચની રકમ શોધવા માટે ________ બને છે.

(A) પેટ્ટી રોકડનું ખાતું
(B) દેવાદારોનું ખાતું
(C) લેણદારોનું ખાતું
(D) ઉપરમાંથી એકપણ નહીં

(4) માલધણી અને આડતિયાનો સંબંધ ________ છે.

(A) માલના માલિક અને માલનો કબજો ધરાવનારનો
(B) દેવાદાર અને લેણદારનો
(C) વેચનાર અને ખરીદનારનો
(D) ઉપરમાંથી એકપણ નહીં

(5) આડતિયાને સામાન્ય આડત ________ ઉપર ચૂકવાય છે.

(A) કુલ વેચાણ
(B) ઉધાર વેચાણ
(C) અંગત ઉપયોગ માટે રાખેલ માલ
(D) ઉપરમાંથી એકપણ નહીં

(6) જો આસામી આડત ચૂકવી હોય અને ઘાલખાધ થાય તો, તે ________ નોંધાય છે.

(A) આડતમાલ ખાતે ઉધાર બાજુ
(B) આડતમાલ ખાતે જમા બાજુ
(C) માલધણીના ચોપડે, આડતિયા ખાતે ઉધાર બાજુ
(D) ઉપરમાંથી એકપણ નહીં

(7) ________ ખાતું સંયુક્ત સાહસ હેઠળ નથી બનાવવામાં આવતું.

(A) સ્ટોક અનામત
(B) સંયુક્ત બેન્ક
(C) સંયુક્ત સાહસ
(D) ઉપરમાંથી એકપણ નહીં

(8) કાચા રાશ ખાતાની બાકી ________ દર્શાવે છે.

(A) નફો કે નુકશાન
(B) શરૂનો સ્ટોક
(C) આખરનો સ્ટોક
(D) ઉપરમાંથી એકપણ નહીં

(9) જો સંયુક્ત સાહસના હિસાબો સ્વતંત્ર રીતે લખવામાં આવતા હોય તો, રાશ માટે ચૂકવેલ ખર્ચ ________ ખાતે નોંધાશે.

(A) સંયુક્ત સાહસ ખાતે જમા બાજુ
(B) ભાગીદાર ખાતે ઉધાર બાજુ
(C) સંયુક્ત બેન્ક ખાતે ઉધાર બાજુ
(D) ઉપરમાંથી એકપણ નહીં

(10) રોકડ ચૂકવણી ________ કી થી થાય છે.

(A) F5
(B) F6
(C) F7
(D) ઉપરમાંથી એકપણ નહીં

(11) કોન્ટ્રા એન્ટ્રી માટે વાઉચરમાં ________ કી દબાવી પડે.

(A) F4
(B) F8
(C) F9
(D) ઉપરમાંથી એકપણ નહીં

(12) GST રિપોર્ટ Tally ની ________ આવૃત્તિમાં નથી.

(A) Tally 7.2
(B) Tally ERP 9
(C) (A) અને (B) બંને
(D) ઉપરમાંથી એકપણ નહીં



geniusguruji.in

Seat No. : 50482

# MN-114

**July-2021**

**B.Com., Sem.-I**

**CC-103 : Accountancy – I**

**Time : 2 Hours]** **[Max. Marks : 50**

**Instructions :**
(1) There are 2 sections, **Section – I** (40 marks) and **Section – II** (10 marks).
(2) Attempt any 2 questions from **Section – I**. **Section – II** is compulsory.
(3) Do not change serial order of **Section – II** (Multiple Choice Questions).
(4) Show all necessary workings as they form part of your answer.

geniusguruji.in

## SECTION – I

1. Virus Corporation of Viramgam consigned 100 chairs to Bacteria Company of Botad at an invoice price of ₹ 21,000 each on 01/01/2019 on commission basis. The invoice price is fixed at by adding 50% profit on cost price. Virus Corporation paid ₹ 10,000 as freight and octroi charges while sending the goods. On 01/02/2019 Virus Corporation drew a bill of ₹ 8,00,000 for 5 months on Bacteria Company which was immediately returned by the later duly accepted. The bill was discounted in a bank on 04/05/2019 at 15% per annum. Virus Corporation pays 6% as simple commission, 4% as Del credere commission to Bacteria Company. It was found that 5 chairs were destroyed in transit and insurance company accepted claim for 80% of total loss. 16800 14000

On 31/12/2019, Bacteria company sent bank draft for balance amount and account sales as under : **20**

- He paid ₹ 14,000 as custom duty, ₹ 4,000 as advertisement expenses, ₹ 5,000 as carriage expenses.
- He sold 17 chairs to Mr. Medicine by cash at ₹ 20,000 each.
- 14 chairs were sold to Ms. Madhavi on credit at invoice price.
- 13 chairs were taken by Bacteria Company for personal use at ₹ 22,000 per chair.
- 30 chairs were sold to Mr. Harshil on recommendation of consignor at ₹ 25,000 per chair.
- Ms. Madhavi and Mr. Harshil were declared insolvent resulting to recovery of 60% of amount due from them.

You are required to prepare necessary accounts in the books of Virus Corporation.

**OR**

Attempt any **2** from the following :

(1) Explain Normal loss and Abnormal loss with respect to valuation of closing stock.

(2) What is Del credere Commission ? Explain its accounting treatment in books of consignor when bad debts occur.

(3) Explain Non-Recurring and Recurring expenses and its treatment in valuation of abnormal loss and closing stock.

2. Trial balance of Kantilal running an independent branch is available as on 31/03/2019. **20**

**TRIAL BALANCE**

| **Particulars** | **Amount (₹) Dr.** | **Amount (₹) Cr.** |
|---|---|---|
| Stock (01/04/2018) | 31,250 | – |
| Miscellaneous income | – | 21,250 |
| Purchases and Sales | 1,25,000 | 2,50,000 |
| Returns (Purchase and Sales) | 6,250 | 12,500 |
| Goods received from Head office | 93,750 | – |
| Creditors and Debtors | 37,500 | 25,000 |
| Head office account | – | 62,500 |
| Cash balance | 31,250 | – |
| Salary | 35,000 | – |
| Rent | 6,250 | – |
| Freight | 3,750 | – |
| Discount | 5,000 | 3,750 |
| **Total** | **3,75,000** | **3,75,000** |

**Information :**

(1) Branch has sent cash ₹ 6,250 to head office on 29/03/2019 which was received by head office on 02/04/2019.

(2) Closing stock value is ₹ 62,500.

(3) Furniture account of the branch is maintained by head office and ₹ 2,500 is to be written off as depreciation on the furniture of the branch.

(4) Head office has sent goods worth ₹ 12,500 to branch on 28/03/2019, branch received same on 03/04/2019.

From the given information and details prepare final accounts of branch.

**OR**

Attempt any **2** from the following :

(1) Explain any one method of writing accounts of dependent branches.

(2) Explain 5 points of difference between Branch, joint ventures and brokers.

(3) Explain Goods in transit and Remittance in transit.



geniusguruji.in

3. Kanupriya and Angelika started a joint venture, details of which are as under : **20**

- They deposited ₹ 4,50,000 and ₹ 1,50,000 respectively in a joint Venture bank account to start the business and will share profit and losses in the ratio of 3:1 respectively.
- Joint venture expenses will be borne by Partners from their personal accounts and it is decided to record all purchases and sales in joint venture account only.
- Sales commission was decided at 5% for sales done by partners.

**Purchases and sales :**

- Kanupriya purchased goods of ₹ 3,60,000 of which Goods worth ₹ 2,70,000 was sold for ₹ 4,44,000.
- Angelika purchased goods of ₹ 1,20,000 of which Goods worth ₹ 90,000 was sold for ₹ 1,80,000.
- Expenses incurred by Kanupriya and Angelika were ₹ 34,800 and ₹ 6,000 respectively.
- Goods worth ₹ 90,000 and ₹ 30,000 were taken by Kanupriya and Angelika respectively.

Prepare Joint venture account, Joint Bank account and Personal Account of Partners.

**OR**

Attempt any **2** from the following :

(1) Write short note on : Joint Venture and Consignment

(2) Explain Memorandum Joint Venture account.

(3) Explain books of accounts in Joint venture when both partners keep separate books of accounts.

4. Explain following with respect to utility of Computerized accounting : **20**

(A) Accounting information system and Management information system

(B) Tally Software Version 9.2, merits and demerits.

**OR**

Attempt any **2** from the following :

(1) Recording purchase and sales transactions in tally.

(2) Tax deducted at source

(3) Good and Service Tax.

## SECTION – II

5. Multiple Choice Questions : (Attempt any **5** out of **12**) **(5 × 2 = 10)**

(1) Balance sheet of head office shows goods in transit as

(A) Asset (B) Liability

(C) Deducted from Stock (D) None of the above

(2) Independent branch treats head office as

(A) Capital (B) Trade Creditor

(C) Trade Debtor (D) None of the above



geniusguruji.in

(3) ________ is prepared to find out amount of sundry expenses paid by the branch.

(A) Petty Cash Account (B) Debtors Account

(C) Creditors Account (D) None of the above

(4) Relation between consignor and consignee is of ________.

(A) Principal and Agent (B) Debtor and Creditor

(C) Seller and Purchaser (D) None of the above

(5) Simple commission is paid to consignee on

(A) Total Sales (B) Credit Sales

(C) Personal Sales (D) None of the above

(6) When Del credere commission is paid and bad debts occurs, they are to be recorded on

(A) Dr side of consignment account

(B) Cr side of consignment account

(C) Dr side of consignee account in books of consignor

(D) None of the above

(7) ________ is not opened under Joint venture.

(A) Stock reserve account (B) Joint bank account

(C) Joint Venture account (D) None of the above

(8) Balance of Memorandum Joint venture accounts shows

(A) Profit or loss (B) Opening stock

(C) Closing stock (D) None of the above

(9) If independent books of accounts of joint venture are prepared, expenses paid for joint venture will be recorded on ____________.

(A) Cr side of Joint bank account

(B) Dr side of Partner account

(C) Dr side of Joint bank account

(D) None of the above

(10) Cash payment is made by _______ key.

(A) F5 (B) F6

(C) F7 (D) None of the above

(11) Voucher for Contra entry is activated by ________ key.

(A) F4 (B) F8

(C) F9 (D) None of the above

(12) GST report is not available in _______ version of Tally software.

(A) Tally 7.2 (B) Tally ERP9

(C) Both (A) and (B) (D) None of the above

---

geniusguruji.in